॥ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥
ફૂલછાબ
JANMABHOOMI GROUP


# વ્યાપારભૂમિ


તા. ૨૭-૬-૨૦૨૨, સોમવાર




# સોનું
## કટોકટીમાં હાથવગી કેશ

પેજ 5

## GSTની 5મી વર્ષગાંઠ : થોડા હૈ થોડે કી ઝરૂરત હૈ !




પેજ 2

## ધનસંપત્તિ, આબરૂ કે જીવનું જોખમ હોય તે સ્થાન છોડી દેવું



પેજ 4

વ્યાપારભૂમિ
ફૂલછાબ

# જી.એસ.ટી.ની ૫મી વર્ષગાંઠ : થોડા હૈ થોડે કી ઝરૂરત હે !




## જી.એસ.ટી. જોઈએ તેવો 'સ્મૂથલી' લાગુ થઈ શક્યો નથી એ પણ હકીકત છે આજે પાંચ વર્ષ પછી પણ ઘણી બાબતો એવી છે જેમાં ફેરફારને અવકાશ છે સૌથી વધુ જરૂર છે તો તે છે કરદાતા પ્રત્યેના વલણના બદલાવની જ્યાં જી.એસ.ટી. ડિપાર્ટમેન્ટ દ્વારા દરેક કરદાતાને શંકાની નજરે જોવામાં આવે છે!!

૧ જુલાઇ ૨૦૧૭ ના રોજ રાત્રિના ૧૨ કલાકે સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા નાણાંમંત્રી અરુણ જેટલી સહિત દેશભરના સાંસદોની હાજરીમાં જી.એસ.ટી. એટલેકે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાયદો લાગુ કરવામાં આવ્યો હતો. ભારતીય ટેક્સ પ્રણાલીમાં જી.એસ.ટી. કાયદો આમૂલ પરિવર્તન તરીકે ગણવામાં આવી રહ્યો હતો. વન નેશન વન ટેક્સ વન માર્કેટ એ જી.એસ.ટી. કાયદાની પંચ લાઇન અથવા તો ''અજ્ઞ'' પણ ગણી શકાય. આ જી.એસ.ટી. કાયદો લાગુ થયાને ૧ જુલાઇએ ૫ વર્ષ પૂર્ણ થશે.

### મોટા પ્રમાણમાં ટેકનિકલ ખામીસાથે શરૂઆત બાદ પોર્ટલમાં મહદ્ અંશે સુધારોઃ

૦૧.૦૭.૨૦૧૭ થી લાગુ થયેલ જી.એસ.ટી. હેઠળ કરદાતાઓએ શરૂઆતના દિવસોમાં જી.એસ.ટી. પોર્ટલના કારણે ખૂબ તકલીફો વેઠી હતી. માઈગ્રેશનથી લઈ કંપોઝીશનની અરજીમાં, GSTR 1 થી માંડીને GSTR 3 ભરવામાં જી.એસ.ટી. પોર્ટલ દ્વારા કરદાતાઓની અને ખાસ કરીને ટેક્સ પ્રોફેશનલ્સની ખરા અર્થમાં પરીક્ષા લીધી હતી. જી.એસ.ટી. લાગુ થયાના લગભગ ૧ વર્ષ સુધી પોર્ટલ દ્વારા કરદાતાઓ તથા ટેક્સ પ્રોફેશનલ્સન માટે ખૂબ પરેશાની ઊભી કરેલ હતી. કોઈ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ સુધી તે ફોર્મ પોર્ટલ ઉપર ઉપલબ્ધ કરવામાં ન આવ્યું હોય, ફોર્મ જ્યારે ઉપલબ્ધ બનાવવામાં આવ્યું હોય ત્યારે ટૂંકી મુદતમાં આ ફોર્મ ભરવા કરદાતાને જણાવવામાં આવ્યું હોય તેવા અનેક દાખલા સામે આવ્યા હતા. પરંતુ આજે પાંચ વર્ષ પછી સ્થિતિ મહદ્અંશે સારી છે. નાના મોટા ટેકનિકલ પ્રોબ્લેમને બાદ કરતાં જી.એસ.ટી. પોર્ટલ સારી રીતે કાર્યરત છે. પણ હા ટેક્સ પ્રોફેશનલ્સ જુલાઇ ૨૦૧૭ આસપાસના ગાળામાં જી.એસ.ટી. પોર્ટલ ઉપરની ટેકનિકલ ક્ષતિઓના કારણે પોતે ભોગવેલ યાતના ક્યારેય ભૂલી શકશે નહીં તે ચોક્કસ છે. સરકાર જેને ટીથીંગ ટ્રબલ ગણી રહી હતી તે ટીથીંગ ટ્રબ્રલ એ કરદાતા તથા ટેક્સ પ્રોફેશનલ્સના દાંત ખાંટા કરી નાખ્યા હતા.

### અસંખ્ય નોટિફિકેશન-સર્ક્યુલર-ઓર્ડર્સઃ

જી.એસ.ટી. કાયદો ૦૧ જુલાઇ ૨૦૧૭ થી લાગુ કરવામાં આવ્યો હતો. આ કાયદો લાગુ કરવામાં આવ્યો ત્યારેજ નિષ્ણાતો માની રહ્યા હતા કે જી.એસ.ટી. કાયદો ઉતાવળમાં, જોઈએ તેવી તૈયારી વગર લાગુ કરી આપવામાં આવ્યો છે અને આ કારણે જી.એસ.ટી.માં કરદાતાઓને અનેક તકલીફો પડી શકે છે. વાસ્તવમાં એજ પરિસ્થિતી ઊભી થઈ હતી. કાયદામાં રહેલી ત્રુટિઓ સુધારવા અનેક નોટિફિકેશન, સર્ક્યુલર તથા રીમુવલ ઓફ ડિફિકલ્ટી ઓર્ડર બહાર પાડવાની ફરજ પડી હતી. જી.એસ.ટી. પોર્ટલની ખામીના કારણે જી.એસ.ટી. હેઠળની મુદતોમાં અનેકવાર વધારો કરવામાં આવ્યો હતો. આ મુદતોમાં વધારો કરવા સમયે દર વખતે માત્ર કરદાતાના હિતમાં મુદત વધારવામાં આવેલ છે તેમ જણાવવામાં આવ્યું હતું. પરંતુ હકીકત એ હતી કે આ મોટાભાગની મુદતો જી.એસ.ટી. પોર્ટલના લાભાર્થે વધારવામાં આવી હતી. કાયદા તથા નિયમોમાં રહી ગયેલી ત્રુટિઓના કારણે અનેક નોટિફિકેશન બહાર પાડવાની જરૂર ઊભી થઈ હતી.



કર સમિક્ષા
ભવ્ય ડી. પોપટ
(ટેક્સ એડવોકેટ)

આ નોટિફિકેશનની ભાષા પણ એટલી મુશ્કેલ રહેતી હોય છે કે સામાન્ય કરદાતા તો શું, નિષ્ણાત ટેક્સ પ્રોફેશનલ્સ પણ અર્થઘટનમાં થાપ ખાઈ જતાં હોય છે!! આટલા મોટા પ્રમાણમા બહાર પાડવામાં આવેલ આ નોટિફિકેશન, સર્ક્યુલરના કારણે ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ તરીકે જે જી.એસ.ટી. લાગુ કરવાનો હતો તે બેડ એન્ડ કોમ્પ્લેક્ષ ટેક્સ બની ગયો હતો. આજે પાંચ વર્ષે આ બાબતની સ્થિતિની વાત કરીએ તો જી.એસ.ટી. હેઠળ નોટિફિકેશન, સર્ક્યુલર વગેરેની સંખ્યામાં ચોક્કસ ઘટાડો આવ્યો છે પરંતુ આજે પણ નોટિફિકેશનની ભાષા આજે પણ એટલીજ ટેકનિકલ છે. આ પ્રકારે ટેકનિકલ ભાષામાં જ્યાં નોટિફિકેશન બહાર પાડવામાં આવતા હોય ત્યારે સ્થાનિક ભાષામાં આ અંગે ટ્રેડ નોટિસ બહાર પાડવી પણ જરૂરી છે. કાયદાથી ઉપરવટ જઈ નોટિફિકેશન બહાર પાડવામાં આવતા હોવાની ફરિયાદ પણ સતત ઉઠી જ રહી છે!!

### જી.એસ.ટી. રિટર્નમાં સદંતર બદલાવ

જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો ત્યારે સામાન્ય રીતે કરદાતાએ GSTR 1, GSTR 2 તથા GSTR 3 જેવા ત્રણ અલગ અલગ ફોર્મમાં પોતાના રિટર્ન ભરવાના થતાં હતા. આ ત્રણે ફોર્મ ભરવાની મુદત પણ અલગ અલગ હતી. જી.એસ.ટી. રિટર્નની આ પદ્ધતિ બહાર પડતાંની સાથેજ નિષ્ણાતો માની રહ્યા હતા કે રિટર્ન ભરવાની આ પદ્ધતિ જમીની સ્તરે લાગુ કરવી શક્ય બનશે નહીં. પોર્ટલની ખામીના કારણે શરૂઆતમાં GSTR 2 અને GSTR 3 ને મુલતવી રાખી GSTR 1 તથા તેની સાથે 'સમરી રિટર્ન' તરીકે GSTR 3B નામનું ફોર્મ (જે ફોર્મ રિટર્ન નથી તેવા ગુજરાત હાઇકોર્ટના ચુકાદા બાદ તેને વિધિવત રીતે રિટર્નનું સ્વરૂપ આપવામાં આવ્યું હતું) લાગુ કરવામાં આવ્યું હતું. હંગામી ધોરણે લાગુ કરવામાં આવેલ GSTR 3B નું ફોર્મ આજે પાંચ વર્ષ બાદ પણ ચાલુ છે. લાંબા સમય સુધી GSTR 2 અને GSáTR 3 દ્વારા રિટર્નની આ પદ્ધતિની ને જડતાંથી પકડી રાખ્યા બાદ આખરે ૨૦૨૨ ના બજેટમાં રિટર્ન ભરવાની આ પદ્ધતિને વિધિવત અલવિદા કહી દેવામાં આવી છે. હાલ, કરદાતાઓ GSTR 1 દ્વારા પોતાનું વેચાણ અને GSTR 3B દ્વારા પોતાના વેચાણ તથા આઉટપુટ ટેક્સ તથા ઈન્પુટ ટેક્સ ક્રેડિટની વિગતો દર્શાવી રિટર્ન ફાઇલ કરી રહ્યા છે. GSTR 2A, GSTR 2B જેવા નાના પણ ભયંકર ફોર્મ દ્વારા GSTR 2 ની ભરપાઈ કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી કરદાતાઓની રિટર્ન રિવાઈઝ (રિટર્નમાં સુધારો) કરવાની સગવડ આપવાની માંગણી માન્ય રાખવામા આવી નથી!!!

### સિમલેસ ક્રેડિટનો મુખ્ય ઉદ્દેશ નથી રહ્યો યાદ!!

સિમલેસ ક્રેડિટના મુખ્ય ઉદેશ સાથે લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી. કાયદાની આજે પાંચ વર્ષ બાદ જો સૌથી ગંભીર ક્ષતિ ગણાય તો તે ક્ષતિ એ ગણી શકાય કે આજે પાંચ વર્ષ બાદ જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ લેવી અત્યંત મુશ્કેલ બનાવી આપવામાં આવી છે. માલ અને સેવાઓ વચ્ચે ઈન્પુટ ક્રેડિટ મળી શકે, આંતર રાજ્ય માલ વિનિમયની ક્રેડિટ મળી શકે અને આ ક્રેડિટના કારણે માલ પર ટેક્સનો બોજો ઘટે અને માલ ગ્રાહકો માટે સસ્તો બને તે હેતુ જી.એસ.ટી. લાગુ કરવાનો મુખ્ય હેતુ હતો. પરંતુ આજે પાંચ વર્ષ પછી જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ લેવી એ લોઢાંના ચણા ચાવવા જેવી મુશ્કેલ બાબત બની ગઈ છે. અવારનવાર પકડવામાં આવતા જી.એસ.ટી. હેઠળના કરચોરીના કૌભાંડના કારણે દિવસેને દિવસે જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવી કરદાતા માટે મુશ્કેલ બનાવવામાં આવી છે. કરચોરોના કરચોરીની સજા હાલ પ્રમાણિક વેપારીઓ ભોગવી રહ્યા હોય તેવું જમીની સ્તરે ફલિત થઈ રહ્યું છે. જી.એસ.ટી.ને સફળ બનાવવા આ ક્ષતિ દૂર કરવી ખૂબ જરૂરી છે. ખરીદનાર વેપારી દ્વારા યોગ્ય જી.એસ.ટી. ચૂકવી ખરીદવામાં આવેલ માલ ઉપર વેચનાર વેપારી વેરો ન ભરે એવી પરિસ્થિતિમાં ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ માન્ય ન રાખવામા આવે તે ક્યાંનો ન્યાય ? હા કરચોરીમાં સાંઠગાંઠ સાબિત થઈ તેવા ખરીદનાર વેપારીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવામાં આવે તે બરોબર છે પરંતુ સામાન્ય ધંધાકીય વ્યવહારમાં થતી ખરીદી ઉપર આ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવી એ પાડાના વાંકે પખાલીને ડામ આપવા જેવી બાબત જ ગણી શકાય. આમ, કહી શકાય કે આજે પાંચ વર્ષ બાદ સિમલેસ ક્રેડિટ મળી રહે તે હેતુ ફલિત થયો નથી.

### જી.એસ.ટી. રજીસ્ટ્રેશનઃ બાજી વધુ બગડી રહી છે!!

જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો હતો ત્યારે સૌથી વધુ પ્રશંસા એ બાબતની કરવામાં આવતી હતી કે જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો મેળવવો વેટ કાયદા કરતાં સરળ છે. ટેક્સ પ્રોફેશનલ્સ એક સુરે આ બાબતના વખાણ કરતાં જોવા મળતા હતા. પરંતુ ધીમે ધીમે, જેમ જેમ જી.એસ.ટી. હેઠળ કરચોરીના કૌભાંડ બહાર આવતા ગયા તેમ તેમ જી.એસ.ટી. નોંધણી દાખલો મેળવવાની વિધિ મુશ્કેલ બનતી ગઈ. આજે જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો મેળવવો ખૂબ મુશ્કેલ બની ગયો છે. જી.એસ.ટી. હેઠળ નવા નોંધણી દાખલાની અરજી કરતાં તમામ કરદાતાને જી.એસ.ટી. ડિપાર્ટમેન્ટ શંકાના નજરથી જોઈ રહ્યું છે. એક યા બીજા કારણ આપી જી.એસ.ટી. નોંધણીની અરજી નકારવામાં આવતી હોવાની ફરિયાદ સતત ઉઠી રહી છે. જી.એસ.ટી. નોંધણી બાબતે જી.એસ.ટી. શરૂઆતની પરિસ્થિતિ કરતાં સ્થિતિ આજે પાંચ વર્ષ બાદ વધુ ખરાબ જણાઇ આવે છે.

ફૂલછાબ વ્યાપારભૂમિ


# વધુ પડતા વિકલ્પોથી નિર્ણય લેવાનું કામ કઠિન અને થકવી નાખનારૂ બની જાય છે

તમને ક્યારેક કોફી પીવાનું મન થાય તો તમે સ્ટારબક્સમાં જઈને ગરમાગરમ કોફી પીને અને તેના પૈસા ચૂકવીને બહાર નીકળી શકો. પણ જો તમે બરિસ્તામાં જાવ તો તમારો અનુભવ અલગ જ હશે. ત્યાં કાઉન્ટર પરની વ્યક્તિ તમને અનેક સવાલ કરશેઃ મેશાટો, મોચા, કાપુચીનો, લેટે કે પછી અમેરિકાનો ? અથવા નવી ટોફી નટ ? ગરમ કે ઠંડી ? ટૂંકા, ઊંચા, કે એકદમ મોટા કપમાં ? દૂધની પસંદગી ? ઘણા બધા નિર્ણયો લેવાના છે. તમે જાણો છો કે તમારી પાછળ લાઈનમાં ઘણા લોકો પોતાના નંબરની રાહ જોઈ રહયા છે. એટલે તમારા પર જલ્દી નિર્ણય લેવાનું દબાણ છે. એટલે તમે હવે ઉતાવળ કરીને કંઈક મેળવવા અને ટેબલ પકડવા માગો છો.

આ દૃશ્ય કોઈ પણ રીતે અનન્ય નથી. બાસ્કિન રોબિન્સ તમને આકર્ષવા માટે ૩૧ ફ્લેવર્સ સાથે હાજર છે. તેમાંથી કઈ ફ્લેવર લેવી એનો નિર્ણય તમારે કરવાનો છે. તમે ક્યારેક તેમાં મૂંઝાઈ જાઓ તે તદ્દન સ્વાભાવિક છે. બીજાઓની પણ આવી જ હાલત છે--બહુ પસંદગીના વિકલ્પોને લીધે મૂંઝારો. ખાસ વાત એવી કે રોકાણના વિશ્વમાં આવું જ કૈંક થઇ રહ્યું છે.

આપણી એવી ટેવ છે કે બધી વસ્તુમાં આપણને વિકલ્પો જોઈએ. બહાર ખાવા જઈએ કે કપડાં ખરીદવા, વિવિધ વિકલ્પો ન મળે ત્યાં સુધી આપણને ન જંપ મળે, ન સંતોષ થાય.

કોઈ એવું માની લેશે કે આવી સ્થિતિમાં ગ્રાહકોને તેમને મનગમતો વિકલ્પ મળી આવે અને તેઓ કંઈક ખરીદી કરે તેવી શક્યતા વધારે હશે. પરંતુ પસંદગી માટેના વધુ પડતા વિકલ્પો મૂંઝવણમાં વધારો કરે છે. તેને લઈ નિર્ણય લેવાનું વધુ કઠિન બને છે. તે માનસિક ઊર્જાનો ઉપયોગ કરે છે, જેનો આપણી પાસે મર્યાદિત પુરવઠો છે.

જ્યારે મર્યાદિત સમયમાં પસંદગીના બહુ બધા વિકલ્પોમાંથી પસંદગી કરવાની હોય ત્યારે નિર્ણય લેવાની પ્રક્રિયામાં મનોવૈજ્ઞાનિક દબાણ પેદા થાય છે. તે વાસ્તવિક જીવનના તમામ પ્રકારના મહત્વપૂર્ણ નિર્ણયોને અટપટા અને અઘરા બનાવે છે, જેમ કે ઘર કોને ભાડે આપવું છે, કઈ કાર ખરીદવી છે અથવા ક્યા ટેક્સ-સેવિંગ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવું તેનો નિર્ણય નાણાકીય વર્ષ પૂરૂં થાય તે પહેલાં લઇ લવાનો હોય તો મનમાં એક પ્રકારનું ટેંશન આવી જાય છે.

જ્યારે ઘણા બધા વિકલ્પો ઉપલબ્ધ હોય ત્યારે પસંદગીનો અતિરેક થાય છે. ઘણા વિકલ્પો હોય એ સારી વાત જરૂર લાગે પરંતુ તે બધાની ચકાસણી કરવી એ આસાન કામ નથી. કોઈ દંપતી કપડાં ખરીદવા જાય અને પાછું આવે ત્યારે બંને જણ થાકીને લોથપોથ થઇ ગયાં હોય એવું બને છે. મનોવૈજ્ઞાનિક અને લેખક તરીકે બેરી શ્વાટ્‌ર્ઝ સારૂં નામ કમાયા છે. વધુપડતી વ્યાપક પસંદગી આપણી માનસિક અને ભાવનાત્મક સુખાકારી માટે કેવી રીતે હાનિકારક બને છે તે મુદ્દા પર તેમણે વિસ્તૃત સંશોધન કર્યું છે. એક સેમિનારમાં તેમણે હમણાં સ્વૈચ્છિક નિવૃત્તિ યોજનાઓના સંદર્ભમાં વેનગાર્ડના રોકાણના રેકોર્ડ પર આધારિત અભ્યાસ વિશે વાત કરી. કંપની દ્વારા ઓફર કરવામાં આવતા દરેક ૧૦ મ્યુચ્યુઅલ ફંડ્‌સ સામે તેમાં હિસ્સેદારીનો દર ૨ ટકા નીચે જતો હોવાનું તેમના અભ્યાસમાં જણાયું. અર્થાત પસંદગી જેટલી વિશાળ, એટલો જ ઓછો તેને મળતો પ્રતિભાવ.

આમ કેમ ? ૫૦ મ્યુચ્યુઅલ ફંડ્‌સ વચ્ચે પસંદગી કરવી મુશ્કેલ છે, તેથી તમે નિર્ણયને આવતી કાલ સુધી મુલતવી રાખો, અને આવતી કાલ ક્યારેય નહીં આવે. નિર્ણય લેવો એટલો મુશ્કેલ બને કે લોકો પોતાના લાભ પણ ક્યારેક જતા કરે છે.

મોટાભાગના લોકો માની લે છે કે વધુ પસંદગીઓ તેમને માટે સારી છે, પણ સંશોધન સૂચવે છે કે ખરેખર તો પરિસ્થિતિ તેનાથી વિપરીત હોઈ શકે છે. પસંદગીના અતિરેકનો સામનો કરતી વ્યક્તિઓ ઘણીવાર નિર્ણય લેવામાં થાકી જાય છે અને દુ ?ખી થાય છે. ઘણા કિસ્સાઓમાં, ખાસ કરીને જ્યારે રોકાણની વાત આવે છે ત્યારે આવો માહોલ પસંદગી ટાળવા તરફ લઇ જાય. જાણે નિર્ણય લેવામાં લકવો થઇ ગયો હોય. આવી સ્થિતિ કોઈ સારો હેતુ પૂરો કરતી નથી અને તમારી સંપત્તિ સર્જનની યોજનાને પાટા પરથી ઉતારી પાડે છે.




**જ્યારે મર્યાદિત સમયમાં પસંદગીના ઘણા બધા વિકલ્પોમાંથી પસંદગી કરવાની હોય ત્યારે નિર્ણય લેવાની પ્રક્રિયામાં મનોવૈજ્ઞાનિક દબાણ પેદા થાય છે તે મહત્ત્વપૂર્ણ નિર્ણયોને અટપટા અને અઘરા બનાવે છે**

સાદા શબ્દોમાં કહીએ તો વધુપડતી પસંદગી તમને સ્વાતંત્ર્ય નથી આપતી, પરંતુ અવરોધ બની જાય છે. આવા માહોલમાં શું કરવું જોઈએ એ હવે જોઈએ.

### એક નજરમાં જ ગમી ગયેલી ચીજ લેવાથી દૂર રહો

શક્ય છે કે તમે એવાં રોકાણો તરફ આકર્ષિત થઈ રહ્યો હો જે તમારી નજરે ચડ્‌યું હોય. કોઈ ફંડની વાત હોય કે પછી એવા ફંડ મેનેજરની જે મીડિયામાં છવાઈ ગયો હોય. એક વર્ષના તાજેતરના ચાર્ટ ટોપર્સ, સોશિયલ મીડિયામાં ભારે ચર્ચાયેલ સ્ટોક અથવા આઇપીઓ-- આમાંથી કોઈની પણ વાત હોઈ શકે. જ્યારે સેક્ટર ફંડ્‌સની વાત આવે છે ત્યારે આવું ઘણીવાર થાય છે. જ્યારે ફાર્મા ફંડ્‌સ ખૂબ લાંબા સમય પહેલા અપવાદરૂપે સારી કામગીરી કરી રહ્યાં હતાં, ત્યારે તેઓ ચર્ચામાં હતા. પરંતુ, સેક્ટર ફંડમાં પ્રવેશવાનો શ્રેષ્ઠ સમય એ છે કે જ્યારે તે ક્ષેત્ર મંદીમાંથી પસાર થઈ રહ્યું હોય, જ્યારે તે બહુ ચર્ચામાં હોય ત્યારે નહીં.

### નિરર્થક વૈવિધ્યની જાળમાં ફસાશો નહી

જ્યારે ઘણી બધી પસંદગીઓનો સામનો કરવો પડે છે ત્યારે રોકાણકારો માત્ર યોગ્ય રોકાણ પસંદ કરવાને બદલે અને તેમના નાણાકીય ધ્યેયો અનુસાર ફાળવણી કરવાને બદલે તેમની સંપત્તિને તમામ વિકલ્પોમાં વહેંચી નાખે વું બની શકે છે. તમારે દરેક જગ્યાએ રોકાણ કરવાની જરૂર નથી. તમારે તમારા પોર્ટફોલિયોમાં દરેક રોકાણ શૈલી અપનાવવી અથવા દરેક પ્રકારની અસ્ક્યામત ધરાવવી જરૂરી નથી. તે ઇચ્છનીય પણ નથી અને શ્રેષ્ઠ પણ નથી.

### ઉપલબ્ધ ઉકેલો તપાસી જુઓ

જો ડાઇવર્સિફાઇડ ઇક્વિટી ફંડ્‌સની સંખ્યા વધુ પડતી હોય તો ઇન્ડેક્સ ફંડથી શરૂઆત કરો. કેટલાક નિર્ણયો માટે બજારમાં ઉપલબ્ધ ઉકેલો આપણને સરળતા આપી શકે છે. ટાર્ગેટ ડેટ ફંડ અથવા બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ તમને યોગ્ય એસેટ એલોકેશન શોધવાની પ્રક્રિયામાંથી મુક્તિ આપી શકે.

### પસંદગીના ભાર નીચે દબાઈ ન જશો

બિનજરૂરી પસંદગીઓ રદ કરતા જાઓ. ધારો કે તમે આઈસ્ક્રીમ સ્ટોરમાં પ્રવેશ કરો અને નક્કી કરો કે તમે માત્ર ચોકલેટ આઈસ્ક્રીમ ખાવાના છો. તો તમે મોટાભાગના વિકલ્પોને આપમેળે દૂર કરી દેશો. હવે તમારે માત્ર ચોકલેટ ચિપ, ડાર્ક ચોકલેટ, પીનટ બટર સાથેની ચોકલેટ, કારામેલ સાથેની ચોકલેટ અથવા બિટર ચોકલેટ વચ્ચે જ પસંદગી કરવાની છે.

જ્યારે રોકાણની વાત આવે ત્યારે સમયમર્યાદા બિનજરૂરી પસંદગીઓને સારી રીતે દૂર કરે છે. જો તમારે લાંબા ગાળા માટે રોકાણ કરવાની જરૂર હોય તો તમે આપમેળે ડેટ ફંડ્‌સને દૂર કરશો અને ઇક્વિટી ફંડ્‌સ પર નજર નાખશો. જો તમને ખૂબ જ ટૂંકા ગાળા માટે અથવા તો થોડાંક વર્ષો માટે જ પૈસા પાર્ક કરવા હોય તો તમે આપમેળે ઇક્વિટી ફંડ્‌સ કાઢી નાખશો. એક વાર તમે ઉદ્દેશ્ય નક્કી કરી લો પછી વિકલ્પો સંકુચિત થઈ જાય છે. જો તમારી પાસે ખૂબ જ લાંબા સમયની પરિપ્રેક્ષ્ય હોય પરંતુ તમે જોખમ અથવા અસ્થિરતા સહન કરી શકતા ન હો મિડ- અને સ્મોલ-કેપ ફંડ્‌સને દૂર કરો.

# જ્યાં ધનસંપત્તિ, આબરૂ કે જીવનું જોખમ હોય તે સ્થાન છોડી દેવું જ હિતાવહ છે



## ઘણા લોકોને રિયલ એસ્ટેટ પ્રત્યે ઘણી પ્રીતિ હોય છે, પણ તે સ્થાયી સંપત્તિ છે, વખાના માર્યા બીજે ક્યાંય જવું પડે તો રિયલ એસ્ટેટ સાથે લઈને જવાનું શક્ય હોતું નથી, આથી ફક્ત રિયલ એસ્ટેટમાં રોકાણ કરતાં જવાનું સલાહભર્યું નથી

'વસવાટના સ્થળે કોઈ શત્રુ કે રાજા હેરાન કરતો હોય અથવા ખરાબ સમય ચાલી રહ્યો હોય અને તેને લીધે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય કે પછી પોતાના પ્રાણનો નાશ થવાનું જોખમ હોય એવા સ્થળનો સત્સંગી ગૃહસ્થે તરત જ ત્યાગ કરી દેવો. એ સ્થળ પોતાના મૂળ ગરાસનું હોય કે વતનનું હોય તોપણ વિવેકબુદ્ધિ વાપરીને ગૃહસ્થે ત્યાંથી નીકળી જવું અને એવા દેશ કે પરદેશમાં જવું જ્યાં સુખેથી રહી શકાતું હોય.

'શિક્ષાપત્રીના ૧૫૩ અને ૧૫૪મા શ્લોકનો આ સાર છે. આ શ્લોક પરથી 'ભાગ મિલખા ભાગ ફિલ્મ' યાદ આવે છે. ભારતના ભાગલા વખતે મિલખા સિંઘના પરિવારે પાકિસ્તાનના ભાગે આવેલા વિસ્તારમાં રહેવાનું પસંદ કર્યું અને મિલખાનાં બહેનબનેવી તથા જે લોકો ત્યાંથી નીકળી ગયાં એ બધાં ભારતમાં આવીને બચી ગયાં. ૧૯૭૨માં યુગાંડાથી બ્રિટનમાં સ્થળાંતર કરી ગયેલા મૂળ ભારતીય પરિવારોના કિસ્સામાં પણ એવું જ બન્યું હતું.

ઉપરોક્ત બન્ને કિસ્સાઓમાં કારણ રાજકીય પરિસ્થિતિનું હતું. આમ, એ ઘટનાઓ માનવસર્જિત હતી. કેટલીક વાર કોઈક કુદરતી આફત આવવાનું જોખમ હોય અથવા તો આફત આવી રહી હોય એવા સમયે પણ લોકોએ સ્થળાંતર કરી લેવું જરૂરી બને છે. ગુજરાતમાં સરદાર સરોવર બંધ બંધાતી વખતે ઘણા ગ્રામવાસીઓ પાણીને કારણે સર્જાનારી આફતનો તાગ પામીને વતન છોડીને બીજે જતા રહ્યા હતા. આવું સ્થળાંતર કાયમી કે કામચલાઉ હોઈ શકે છે. જે પી દત્તાની ફિલ્મ 'બોર્ડર'માં પાકિસ્તાની હુમલાથી તારાજ થવાનું જોખમ ધરાવતા વિસ્તારમાંથી ગ્રામવાસીઓને દૂર મોકલી દેવાયા હતા, જેથી જાનહાનિ થાય નહીં. આ સ્થળાંતર કામચલાઉ સ્વરૂપનું કહેવાય.

આ બધાં શિક્ષાપત્રીમાં કહેલી વાતને લાગુ પડતાં ઉદાહરણો છે. જ્યાં માનવસર્જિત કે કુદરતી આપદાઓ હોય ત્યાંથી પોતાના પરિવાર સાથે તથા સંપત્તિ સાથે સ્થળાંતર કરી લેવું જોઈએ.

'આ તો મારું જન્મસ્થળ છે, હું અહીંથી ક્યાંય જઈશ નહીં' એવી જિદ કરીને સ્થળાંતર કરવાનું ટાળવાની માનસિકતા પણ જોવા મળી શકે છે. આથી જ શિક્ષાપત્રીમાં બોધ આપવામાં આવ્યો છે કે પોતાના જન્મસ્થળની કે વતનની પ્રીત છોડીને પણ બીજે ચાલ્યા જવું જરૂરી છે. એવા સમયે લાગણીશીલ બનવાને બદલે વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવાનું કહેવામાં આવ્યું છે.

હિતોપદેશ પણ કહે છે કે જે દેશમાં આપબળે શાનથી રહ્યા હોઈએ ત્યાં નિર્ધન બનીને જે વસે છે તે પુરુષોમાં અધમ છે.

આપણે યાદ રાખવું જોઈએ કે મોટાભાગની મનુષ્ય જાતિઓ પહેલેથી ભટકતી જાતિઓ જ રહી છે. પારસીઓ છેક ઇરાનથી ગુજરાતના સંજાણમાં આવીને વસ્યા હતા. ફક્ત



**આપનું નાણું**

ગૌરવ મશરૂવાળા

ભારતમાં આવું થયું છે એમ નથી. અમેરિકા તો આખેઆખું વસાહતીઓથી જ ભરેલું છે. મૂળ અમેરિકન લોકો તો ઘણા ઓછા છે. આપણા વડવાઓએ પોતપોતાનાં જન્મસ્થળ છોડીને સ્થળાંતર કર્યું તેનાં મીઠાં ફળ આજે આપણે ચાખી રહ્યાં છીએ.

શિક્ષાપત્રીની ઉક્ત બાબત નાણાકીય ક્ષેત્રે કઈ રીતે લાગુ પડે છે એ હવે જોઈએ. નાણાકીય આયોજનકારો હંમેશાં તાકીદનું ભંડોળ (કન્ટિન્જન્સી ફંડ) રાખવાનું કહેતા હોય છે, જે અણીના સમયે કામ આવે. આપણે પહેલેથી નક્કી કરીને કે પછી અચાનક સ્થળાંતર કરી જવું હોય ત્યારે રોજિંદા ખર્ચ પૂરા કરવા માટે એ રકમ ઉપયોગી થાય છે. સામાન્ય રીતે ત્રણથી પાંચ મહિનાનો ઘરખર્ચ નીકળી જાય એટલું ભંડોળ રાખવાની ભલામણ કરવામાં આવે છે. કોઈ પણ આફતને પહોંચી વળવા કે તેમાંથી કળ વળવા માટે ૯૦ દિવસનો સમય પૂરતો હોય છે. તાકીદના ભંડોળમાં ઘરમાં એક અઠવાડિયું ચાલે એટલી રોકડ રાખવી અને બાકીની રકમ ફિક્સ્ડ ડિપોઝિટ સાથે સંકળાયેલા સેવિંગ્સ બૅન્ક અકાઉન્ટમાં રાખવી. આ નાણાં સહેલાઈથી મળી શકવાં જોઈએ. પરિવારના સભ્યોને એટીએમ કે ડેબિટ કાર્ડની સુવિધાની જાણ હોવી જોઈએ તથા તેમને તેનો ઉપયોગ કરતાં આવડવું જોઈએ.

અંગ્રેજીની કહેવત છે કે ટાઇમ ઇઝ ધ ગ્રેટ હીલર અર્થાત્ સમય જતાં ઘા રૂઝાઈ જાય છે. કોઈ પણ મોટી દુર્ઘટના બને ત્યારે તત્કાળ વ્યવહારુ નિર્ણય લઈ શકાતા નથી. ૯૦ દિવસની અંદર કળ વળે પછી માણસ વ્યવહારુ-તર્કબદ્ધ નિર્ણય લેવાની સ્થિતિમાં આવી જાય છે.

ઘણા લોકોને રિયલ એસ્ટેટ પ્રત્યે ઘણી પ્રીતિ હોય છે. અહીં એ યાદ રાખવું કે રિયલ એસ્ટેટ સ્થાયી સંપત્તિ છે. વખાના માર્યા બીજે ક્યાંય જવું પડે તો રિયલ એસ્ટેટ સાથે લઈને જવાનું શક્ય હોતું નથી. આથી ફક્ત રિયલ એસ્ટેટમાં રોકાણ કરતાં જવાનું હિતાવહ નથી. અલગ અલગ પ્રકારની એસેટ્સમાં રોકાણ કરવાની સલાહ આપવા પાછળનું આ પણ એક કારણ છે.

કપરો સમય દરેક મનુષ્યના જીવનમાં આવતો જ હોય છે. એવા વખતે માણસ લાગણીઓમાં તણાઈ જાય છે. આથી જ શાસ્ત્રોમાં કહેલી વાતને ધ્યાનમાં રાખવાથી આપણે યોગ્ય નિર્ણય લઈ શકીએ છીએ. આપણાં શાસ્ત્રો ફક્ત મનની શાંતિ માટે નથી, વ્યવહારમાં અમલી બનાવાય એવાં પણ છે. ઉક્ત શ્લોક દ્વારા શિક્ષાપત્રી 'સર સલામત તો પઘડી હજાર'નો બોધ આપે છે.

# કટોકટીમાં હાથવગી કેશ સોનું

કોરોના મહામારી આવી અને દોઢ વર્ષમાં દુનિયાને ધમરોળી ગઇ. લોકોને સ્વપ્નેય ખ્યાલ ન હતો કે આ પ્રકારની કટોકટી ક્યારેય આવશે ! કોરોનાએ અસંખ્ય લોકોને બેરોજગાર બનાવી નાંખ્યા હતા એ વાત હવે ભૂલાતી જતી હશે પણ આર્થિક મુશ્કેલીમાં એકમાત્ર ચીજ એવી હતી જેણે નાણાકીય તંગી તરત હળવી કરી આપી અને એ હતુ સોનું.

સોનું હંમેશા કટોકટીના સમયની કેશ તરીકે ખરીદાતું આવ્યું છે. વારે તહેવારે લોકો યથાશક્તિ સોનું લેવાનું રાખે છે એનું કારણ પ્રસંગો કે મુહૂર્ત સાચવવાનું તો હોય જ પણ મુશ્કેલીમાં વેંચીને તરત રોકડાં નાણા મળી જાય એવો છૂપો ઉદ્દેશ્ય સાથે રહે છે. ભારતમાં સોનું ખરીદવાનું કાર્ય પરંપરા છે. વર્ષોથી સોનું લઇને ઘરમાં રાખી મૂકાય છે. પ્રસંગોપાત પહેરાય છે અને અતિશય જરૂર હોય તો જ તે વેંચીને રોકડી કરવામાં આવે છે. એ રીતે ભારત આખો સુવર્ણનગરી જેવો છે કારણકે ઘેર ઘેર સોનાનો જથ્થો મળી જ આવે, જેવી જેમની આર્થિક ક્ષમતા.

અમીર હોય કે ગરીબ સોનું જરૂર ખરીદે છે. કોઇ પ્રસંગો



**સાંપ્રત પ્રવાહો**

નિલય ઉપાધ્યાય

સાચવવા માટે લ્યે તો કોઇ મુશ્કેલીમાં કામ આવશે એના માટે લ્યે છે. પૈસાવાળો વર્ગ તો વળી બ્લેકના છૂપાવવા માટે ય મોટી મોટી લગડીઓની ખરીદી કરી લ્યે છે. સોનું એ કારણે દરેકના ઘરમાં જમા થતું રહે છે.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા ૨૦૨૦માં સર્વે કરવામાં આવ્યો હતો. એના તારણમાં ભારતીય ઘરોમાં કુલ ૨૩-૨૪ હજાર ટન સોનું નીકળે એવી ધારણા થઇ હતી. જોકે આ આંકડો ૨૦૨૨માં ૨૪-૨૫ હજાર ટન સુધી પણ પહોંચી ગયો હશે. આવી જ રીતે ધાર્મિક સંસ્થાનો પાસે પણ સોનાની અનામતો ઘણી હશે. સોનું એકમાત્ર એવી એસેટ એટલેકે મિલકત છેકે જે દરેક લોકો બનાવે છે એ કારણે જ ભારતમાં દર વર્ષે સરેરાશ ૭૦૦-૮૦૦ ટન જેટલા સોનાની આયાત થઇ જાય છે. ૨૦૧૦માં તો વર્ષે એક એક હજાર ટન જેટલી આયાત થઇ હોવાના પણ દાખલા બેસેલા. ૨૦૨૧માં ભારતમાં ૧૦૬૭.૭૨ ટનની આયાત થઇ હતી. ૨૦૨૦માં કોરોનાના ફુંફાડાને લીધે ફક્ત ૪૩૦ ટન આયાત થઇ શક્યું હતુ. ૨૦૧૯માં ૮૩૬.૩૮ ટનની આયાત થઇ હતી.

ભારતમાં ૨૪-૨૫ હજાર ટન સોનું છે એમાંથી ૨૦-૨૧ હજાર ટન તો ફક્ત ભારતની મહિલાઓ પાસે છે. મહત્વની બાબત એ છેકે સૌથી વધારે સોનું આભૂષણોના રૂપમાં છે. તામિલનાડું એવું રાજ્ય છે જ્યાંના લોકો પાસે સોનાનું પ્રમાણ ઘણું જ વધારે છે. ભારતીય મહિલાઓ પાસે સોનાનો જેટલો જથ્થો છે તે વિશ્વમાં સોનાના કુલ પુરવઠાના ૧૧ ટકા જેટલો દેખાય છે. જોકે ભારતીય મહિલાઓ પાસે છે એટલું સોનું વિશ્વમાં બીજા કોઇ દેશોમાં નથી. અમેરિકામાં ૮થી ૯ હજાર ટન, જર્મનીમાં ૩.૫-૪ હજાર ટન, ઇટાલીમાં ૨.૫થી ૩ હજાર ટન, ફ્રાંસમાં ૨.૫ હજાર ટન અને રશિયામાં આશરે ૨ હજાર ટન જેટલું સોનું છે. એ કોઇપણ દેશોની અનામતો કરતા ઘણું જ વધારે છે.

સૌથી વધારે સોનાની અનામતો કોઇ દેશ પાસે હોય તો એમાં ભારત દસમો છે. બેંકો પાસે આશરે ૫૬૦ ટન સોનું હોવાનું માનવામાં આવે છે. મંદિરો અને ધર્મસ્થાનોમાં આશરે ૪-૫ હજાર ટન સોનું હોવાની ધારણા વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલે મૂકી છે. ૨૦૨૧ની સ્થિતિએ અમેરિકા સૌથી વધારે ૧૮૩૩ ટનની અનામતો ધરાવે છે. એ પછી જર્મની ૩૩૬૨ ટન, ઇટાલી ૨૪૫૧ ટન, ફ્રાન્સ ૨૪૩૬ ટન, રશિયા ૨૨૯૮ ટન, ચીન ૧૯૪૮ ટન, સ્વિત્ઝર્લેન્ડ ૧૦૪૦ ટન, જપાન ૭૬૫ ટન, ભારત ૬૮૭ ટન અને નેધરલેન્ડ ૬૧૨ ટનની અનામતો ધરાવે છે. લોકો જેમ સંકટ સમયની સાંકળ તરીકે સોનાને જૂએ છે એ જ રીતે અલગ અલગ દેશો પણ રાજકોષીય ખાધ પડે કે સંકટ સમય આવે ત્યારે સોનું વેંચીને રોકડાં નાણા એકઠાં કરતા હોય છે. ભૂતકાળની મહામંદીમાં દક્ષિણ કોરિયાની સરકારે લોકો પાસેથી સોનું માંગ્યું હતુ અને લોકોએ હસતા મુખે આપ્યું હતુ. બાદમાં સરકારે પરત પણ કરી દીધું હતુ. અમેરિકા પણ નેવુના દશકામાં સોનાનું વેચાણ કરીને ડોલર એકઠા કરતો હતો બેંક ઓફ ઇંગ્લેન્ડ અને ભારતીય રિઝર્વ બેંક પણ સોનાની હરાજી અગાઉ કરી ચૂક્યાં છે. જોકે હવે મધ્યસ્થ બેંકો બને ત્યાં સુધી સોનું વેંચતી નથી. ભારતીય લોકો સોનાને શા માટે સૌથી વધુ

## ઘરોમાંથી 24-25 હજાર ટન સોનું મળી આવે એટલો ખજાનો ભારતના લોકો પાસે છે! ભારતીય લોકો સોનાની ખરીદીમાં સૌથી વધુ લાગણીશીલ: અમેરિકાની ફેડરલ બેંક જેટલી સોનાની અનામતો વિશ્વની અન્ય કોઇ મધ્યસ્થ બેંક પાસે નથી

પસંદ કરે છે એના ખાસ કારણો છે. લોકો સોનાને સલામત રોકાણ તરીકે જૂએ છે. આ માનસિકતા લાંબાગાળાના મૂડીસર્જનની પણ છે. સોનું એટલે ચળકતી ધાતુ કે જેને પ્રસંગોપાત પહેરવા માટે ખરીદવામાં આવે છે. સ્ત્રીઓ ઝવેરાત પહેરે છે અને પછી જરૂર લાગે ત્યારે વેંચે પણ છે. શોખની સાથે રોકાણનો પણ એમાં વ્યૂહ છે. ફુગાવો અર્થાત મોંઘવારી વધતી હોય ત્યારે મૂડીનું ધોવાણ થઇ રહ્યું હોય છે. આવા સમયે સોનું જ રક્ષણ આપે છે. ભારતીય લોકોને સોના પ્રત્યે ગાંડપણ હોવાનું કહેવાય છે. જોકે ભારતીયો સોના માટે વધારે પડતા લાગણીશીલ છે. જન્મદિવસ, લગ્નની વર્ષગાંઠ કે શુભ દિવસોમાં સોનું ખરીદીને ભેટ આપવાનો રિવાજ ગ્રાહકોના સેન્ટિમેન્ટ સાથે જોડાઇ ગયો છે. સોનાની સોગાદ લોકોને વધારે રૂચે છે. સ્ટેટસ સિમ્બોલ, કેશ ઓન હેન્ડ જેવી વેલ્યૂ અને દેખાદેખી પણ સોનું ખરીદવાના મહત્ત્વના કારણો છે. તો વળી અખાત્રીજે કે ધનતેરસના દિવસે ખરીદવામાં આવતા સોનાની સાથે ધાર્મિક લાગણીઓ પણ જોડાયેલી છે.

સોનામાં રોકાણ કરવા ઇચ્છતા લોકો માટે પેપર મની અર્થાત એક્સચેંજ ટ્રેડેડ ફંડ પણ ઉપલબ્ધ બની ગયા છે. ગોલ્ડ સોવરીન બોન્ડ પણ સરકાર લાવી છે. જોકે લોકોનું આકર્ષણ એના કારણે સોના પરથી જરાય ઓછું થયું નથી. બોન્ડ અને ઇટીએફ બન્ને ચાલે છે અને ફિઝીકલ અર્થાત સાક્ષાત સોનું પણ ખરીદાય છે.

વિશ્વમાં સૌથી વધારે સોનાની આયાત કરનારા આપણા દેશનો ડોલરનો ખજાનો ઘણોખરો એની પાછળ ખર્ચાઇ જાય છે. ભારતમાંથી ૫૫.૭ બિલીયન ડોલરનું સોનું ૨૦૨૧માં ખરીદવામાં આવ્યું હતુ. સોનાની કિંમત સતત વધતી જાય છે એટલે આયાત બિલ પણ ઉંચું આવે છે. સરકારી તિજોરીમાંથી ડોલર સાફ થતા જાય છે. મોરારજીભાઇ દેસાઇના કાર્યકાળમાં ભારતમાં સોનાની આયાત અને ખરીદી નિયંત્રણમાં લેવા માટે ૧૯૬૮માં ગોલ્ડ કંટ્રોલ એક્ટ પણ લાવવામાં આવ્યો હતો.

સોનાનો ભાવ ૨૦૦૮-૨૦૧૦ના ગાળામાં રૂ. ૪-૫ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતો. એ પછી એકધારી તેજી જ થઇ છે. દસ હજાર, વીસ હજાર અને વીસમાંથી ત્રીસ-ચાલીસ હજાર થોડાં જ મહિનાઓમાં થઇ ગયા છે. કોરોના વખતે તો સોનું ૫૬ હજારની કિંમત સુધી પહોંચ્યું હતુ. હવે ૫૨ હજાર છે.



### સોના અંગે કેટલીક ચળકતી વાતો

- ખાણોમાંથી અત્યાર (૨૦૨૧)સુધીમાં ૧,૯૦,૦૪૦ ટન સોનું કાઢવામાં આવ્યું હોવાનો અંદાજ છે. એમાંખી બે તૃતીયાંશ સોનું અર્થાત ૧.૨૬ લાખ ટન સોનું ૧૯૫૦ના વર્ષ પછી કઢાયું છે.
- દુનિયાભરમાં વર્ષેદહાડે ૩ હજાર ટન સોનું ખાણોમાં ખોદકામથી કાઢવામાં આવે છે.
- જમીનમાં કેટલું સોનું છે તેનું અવલોકન નવા નવા ખનન પછી ખ્યાલ આવે છે અત્યારે કોઇ નિશ્ચિત આંકડો નથી. બિહારના જામુઇ જિલ્લામાં ૨૨૨૮ લાખ ટન સોનાની અનામતો હોવાની વાતો વહેતી થઇ હતી પણ તેને ગયા મહિને જીયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાએ નકારી કાઢી છે.
- જગતભરમાં સોનાનો જેટલો પણ જથ્થો ઉપલબ્ધ છે એનો આશરે ૪૮ ટકા હિસ્સો ઝવેરાતરૂપે છે.
- વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના મતે વિશ્વમાં રહેલું બધુ સોનું લઇને ૫ માઇક્રોનનો તાર બનાવાય તો વિશ્વ આખાને ૧૧૨ લાખ વખત વિંટાળી શકાય !
- સોનાનો એક ટ્રોય ઔંસનો ભાવ વિશ્વબજારમાં બોલાય છે, ટ્રોય ઔંસ એટલે ૩૧.૧૦૩ ગ્રામ થાય.
- મનુષ્યોના શરીરનું સરેરાશ તાપમાન ૩૭ ડિગ્રી હોય છે. સોનું ઝડપભેર એની સાથે અનુકૂલન કરી લે છે એટલે જ તે દાગીના સ્વરૂપે મૂલ્યવાન છે.
- વર્તમાન સમયે જેટલું સોનું ખાણકામથી લવાય છે તેના ૪૯ ટકામાંથી ઝવેરાત બને છે.
- ૧૮૪૯માં કેલિફોર્નિયા ગોલ્ડ રશ થયું હતુ. એમાં ૪૦,૦૦૦ હજાર જેટલા ખાણકામના મજૂરો જોડાયેલા અને તેને ૪૯ ઇઆરએસ કહેવાય છે. એમાંથી બહુ ઓછાં લોકો પૈસાદાર થઇ શક્યા.

વર્ષોવર્ષ વધતી જતી કિંમતને લીધે લોકોનો સોના પ્રત્યેનો પ્રેમ અતૂટ થઇ ગયો છે, વધતો જાય છે. સરકાર એ કારણે જ સોનાની આયાત જકાત પર સતત નજર રાખે છે. સોનાના વેપાર ઉપર વારંવાર નિયંત્રણો આવે છે. જીએસટીનો દર પણ સોનામાં ઉંચો લેવાય છે. બધા પક્ષે સોનામાં ક્યાંકને ક્યાંક કમાણીની તક છે એટલે જ સોનું સદાકાળ છે.

# મિલકત વારસામાં મળે ત્યારે કોઈ ટેક્સ લાગતો નથી

■ બળવંત જૈન

**વારસામાં મળેલી અસ્કયામતો પર કરવેરા કઇ રીતે લાગુ પડે એ અંગે થોડી મૂંઝવણ જોવા મળે છે. તેનું એક કારણ એવું છે કે કાયદામાં એ વિષે સ્પષ્ટતાનો અભાવ છે અને અદાલતોએ કાયદાનાં વિભિન્ન અર્થઘટનો કરેલાં છે**




**સા**માન્ય રીતે કોઈ વ્યક્તિને વારસામાં અસ્કયામત અન્ય વ્યક્તિના વસિયતનામા હેઠળ આ અન્ય વ્યક્તિના મૃત્યુ બાદ મળે. જો મૃતકે કોઈ વિલ ન કર્યું હોય અથવા તો વિલ બનાવ્યું હોય પણ અસ્કયામતો વીલ હેઠળ આવરી લેવામાં આવી ન હોય તેવા કિસ્સામાં વ્યક્તિ મૃતકને લાગુ પડતા નાગરિક ધારા હેઠળ વારસો મેળવી શકે. પરંતુ વારસામાં મળેલી અસ્કયામતો પર કરવેરા કઇ રીતે લાગુ પડે એ અંગે થોડી મૂંઝવણ જોવા મળે છે. તેનું એક કારણ એવું છે કે કાયદામાં એ વિષે સ્પષ્ટતાનો અભાવ છે અને અદાલતોએ કાયદાનાં વિભિન્ન અર્થઘટનો કરેલાં છે. અસ્કયામતો વારસામાં મેળવવામાં અને વારસામાં મળેલી અસ્કયામતો વેચવાના કામમાં કરવેરાની અસરોની વાત જોઈએ.

ભારતમાં વિલ મારફત અથવા નાગરિક ધારા હેઠળ કોઈ પણ સંપત્તિ વારસામાં મેળવનાર વ્યક્તિએ તેના પર કોઈ કર ચૂકવવો પડતો નથી. તદુપરાંત, કલમ ૫૬(૨)(x) વારસાના સમયે પ્રાપ્ત થયેલી સંપત્તિના સંદર્ભમાં કરમુક્તિની જોગવાઈ કરે છે. જો કે, વારસો મેળવનારી વ્યક્તિએ વારસામાં મળેલી સંપત્તિના માલિક બન્યા પછી તે સંપત્તિમાંથી કમાયેલી આવક પર ટેક્સ ચૂકવવો પડે. દાખલા તરીકે તમને એક ફ્લેટ વારસામાં મળ્યો હોય તો એ મળે ત્યારે તમારે તેની પર કોઈ ટેક્સ ચૂકવવાનો નથી. પરંતુ તમે એ વેચો ત્યારે તમારે તેના કેપિટલ ગેઈન્સ યાને નફા કે મૂડી લાભ પર અવશ્ય ટેક્સ ભરવાનો રહે.

આમ વારસો મેળવતી વખતે કોઈ કર લાગતો નથી, પરંતુ વ્યક્તિએ વારસામાં મળેલી સંપત્તિ વેચતી વખતે કેપિટલ ગેઈન ટેક્સ ચૂકવવો પડે છે. વારસામાં મળેલી અસ્કયામતોના સંપાદન માટે દેખીતી રીતે કોઈ ખર્ચ નથી પરંતુ કેપિટલ ગેઈન્સની ગણતરીના હેતુ માટે તેની ખરીદકિંમત નક્કી કરવા અગાઉના માલિક દ્વારા ચૂકવવામાં આવેલી રકમ ધ્યાનમાં લેવામાં આવે છે.

જો સંપત્તિ પહેલી એપ્રિલ ૨૦૦૧ પહેલા હસ્તગત કરવામાં આવી હોય તો વેચનાર પાસે પહેલી એપ્રિલ ૨૦૦૧ના રોજની સંપત્તિની વાજબી બજાર કિંમતને લાંબા ગાળાના મૂડી લાભની ગણતરીના હેતુ માટે તેની ખરીદ કિંમત તરીકે લઇ શકો. વાજબી બજાર કિંમત નક્કી કરવા માટે તમે રજિસ્ટર્ડ વેલ્યુઅર પાસેથી મૂલ્યાંકન પ્રમાણપત્ર લઈ શકો છો. સ્થાવર મિલકતના કિસ્સામાં મિલકતનું વાજબી બજાર મૂલ્ય પહેલી એપ્રિલ ૨૦૦૧ના રોજના સ્ટેમ્પ ડ્યુટી મૂલ્યાંકન કરતા વધારે હોવું ન જોઈએ.

હવે લાંબાગાળાની અને ટૂંકાગાળાની ટેક્સ જોગવાઈની વાત જોઈએ. જે સંપત્તિ વેચવામાં આવી રહી છે તે લાંબા ગાળાની સંપત્તિ છે કે ટૂંકા ગાળાની તે નિર્ધારિત કરવા માટે વેચનાર માટે હોલ્ડિંગ સમયગાળો મૂળ માલિકે જે તારીખે અસ્કયામત ખરીદી હોય તે તારીખથી ગણવામાં આવે છે. જો કે કાયદો તમને વારસામાં મળેલી અસ્કયામતોના કિસ્સામાં અગાઉના માલિકે ચૂકવેલી કિંમતને બદલવાની પરવાનગી આપે છે. પણ એ સ્પષ્ટ નથી કે લાંબા ગાળા સુધી રખાયેલી મિલ્કત માટે ઇન્ડેક્સેશનનો લાભ અગાઉના માલિક માટે ચૂકવણી કરેલ તે તારીખથી મળશે કે કેમ તે સ્પષ્ટ નથી. કાયદાને બારીકાઈથી જોઈએ તો જણાય છે કે જે તારીખે વેચનારને સંપત્તિની માલિકી મળી તે તારીખથી ઇન્ડેક્સેશન ઉપલબ્ધ થશે.

જો કે કેટલાક કિસ્સાઓમાં અદાલતોએ અલગ વલણ અપનાવ્યું છે. આ સંદર્ભમાં અદાલતના ચુકાદા મહત્વના બની રહે છે. તેમના ચુકાદા અનુસાર માલિક માટે અગાઉની ચૂકવણીની કિંમતને બદલવાની હોવાથી અગાઉના માલિક દ્વારા ખરીદીની તારીખથી અથવા પહેલી એપ્રિલ ૨૦૦૧થી ઇન્ડેક્સેશનને મંજૂરી આપવી જોઈએ.

ઇન્ડેક્સેશન બાદ મૂડી લાભ પર ૨૦ ટકા સમાન દરે કર લાદવામાં આવે છે. એ પણ નોંધવું જોઈએ કે લિસ્ટેડ શેર અને યુનિટ સિવાયની લિસ્ટેડ સિક્યોરિટીઝના કિસ્સામાં તમને ઇન્ડેક્સેશનનો લાભ લીધા વિના ૧૦ ટકાના દરે ટેક્સ ચૂકવવાનો વિકલ્પ પણ મળી શકે છે.

જો વેચવામાં આવેલી સંપત્તિ લાંબા ગાળાની હોય તો તમે નિયત સમયમર્યાદામાં તેના સ્વરૂપને આધારે રહેણાક મકાન અથવા કેપિટલ બોન્ડમાં રોકાણ કરીને મૂડી લાભ પર કર બચાવી શકો છો. વેચવામાં આવેલી સંપત્તિ રહેણાક મકાન છે કે અન્ય કોઈ સંપત્તિ, તેના આધારે આ રોકાણની રકમ નક્કી થાય.

# હળદરનો પાક અને સ્ટોક ધારણાથી વધારે

## રોકાણકારોમાં વધતી ચિંતાઃ સુધારાની શક્યતા ઓછી, ઘટવાનું ધ્યાન



**મસાલા બજાર**

પ્રેમચંદ મોતા

mottacal@gmail.com

**હળદર :** ભાવ નીચા આવેલા જોઈને અમે બે અઠવાડિયા પહેલાં લખેલું કે હવે હળદર લેવામાં વાંધો લાગતો નથી, પણ છેલ્લા ૧૫ દિવસની બજારની ચાલ, પાક્ના ઉતારાનો વધતો જતો આંકડો, વધતો જતો સ્ટોક, ઘટતી જતી માગ જોઈને હવે હાલ હળદરમાં કિલોએ પાંચ રૂપિયા વધવા પણ ખૂબ જ મુશ્કેલ લાગે છે, જ્યારે હજી ભાવ રૂા. બેથી ચાર પ્રતિ કિલો ઘટવાની શક્યતા વધારે લાગે છે. માટે બેવાર નહીં, પણ ત્રણવાર વિચારીને બરાબર ગણતરી કરીને જ હળદરનો ધંધો કરવો એ જ ભલામણ. ઈરોડમાં બુધવારે ૪૬૦૦ ગૂણીની આવક અને ૩૦૦૦ ગૂણીના વેપાર વચ્ચે બજાર રૂ. ૧૦૦ પ્રતિ ક્વિન્ટલે ઢીલી હતી. બીજા કેન્દ્રો પણ ઢીલાં હતાં.

જાન્યુઆરીમાં એક તેજી ગ્રુપ નિઝામાબાદ પંથકમાં અતિ વરસાદ થવાથી અને અમુક વિસ્તારોમાં પૂરથી વાવેતર ધોવાઈ જવાથી ફક્ત પાક આઠ લાખ ગૂણીથી વધુ નહીં આવે એમ કહેતું હતું. બીજું તેજી ગ્રુપ ૧૨-૧૩ લાખ ગૂણીથી વધુ પાક નહીં આવે એવો પ્રચાર જોરશોરથી કરતું હતું. તે વખતે અમે નિઝામાબાદ પટ્ટાનો પાક ૧૮ લાખ ગૂણીથી ઓછો પાક નહીં આવે એમ મક્કમપણે લખતા હતા. હવે નિઝામાબાદથી આવેલા આંકડા પ્રમાણે ૨૦મી જૂન સુધીમાં નિઝામાબાદ યાર્ડમાં ૧૨.૯૮ લાખ ગૂણી (૬૦ કિ.ગ્રા.) વેચાઈ અને વજન થઈને ચાલી ગઈ હતી, જયારે નિઝામાબાદની આજુબાજુનાં જગતિયાલ, મેટપલ્લી, ગોલાપલ્લી, આમુર વગેરે વિસ્તારમાંથી નવા પાક્ની ૫.૫૧ લાખ ગૂણી (૬૦ કિ.ગ્રા.) સાંગલી, નાગપુર વગેરે અનેક નાનાંમોટાં ગામમાં સીધી પહોંચી ગઈ છે, આમ નિઝામાબાદ વિસ્તારમાં ૧૮.૫૦ લાખ ગૂણીથી વધુની આવક ૧૫ જૂન સુધીમાં થઈ ચૂકી હતી અને હજી આ પંથક્માં રોજની ચાર-પાંચ હજાર ગૂણીની આવકો ચાલુ જ છે. આમ ફરી એક વાર 'વ્યાપાર'નો અંદાજ સચોટ પૂરવાર થયો છે.

તેવી જ રીતે સાંગલી અને તેના આજુબાજુના વિસ્તારમાં પણ ૧૦ લાખ ગૂણીથી વધુ પાક નહીં આવે એવો પ્રચાર તેજીવાળા કરતા હતા, જ્યારે અમે સાંગલીનો પાક ૧૫ લાખ ગૂણી આવશે એમ ચોખ્ખું લખ્યું હતું. હવે સાંગલીમાં ૧૩ લાખ ગૂણી માલ આવી ગયો છે અને ખેડૂતોએ વેચાવા માટે આણેલી લગભગ અઢી લાખ ગૂણી સાંગલીના વેરહાઉસ તથા કોલ્ડ સ્ટોરેજમાં પડી છે. આમ સાંગલીમાં ૨૦૨૨ના પાક્નો લગભગ ૧૫.૫૦ લાખ ગૂણી માલ આવી ચૂક્યો છે અને હજી પણ પ્રતિદિન ત્રણથી ચાર હજાર ગૂણીની આવકો આવે છે.

બસમત, હિંગોલી, નાંદેડ તથા મરાઠવાડના ૨૦૨૨ના પાક્ના અંદાજમાં તો તેજીવાળા આનાથી પણ વધારે ખોટા પડ્યા છે. એક તેજીવાળું ગ્રુપ મરાઠવાડાનો નવો પાક ૧૦-૧૨ લાખ ગૂણી અને બીજું ગ્રુપ ૧૭-૧૮ લાખ ગૂણી આવશે એવો પ્રચાર કરતું હતું ત્યારે અમોએ ૩૦-૩૨ લાખ ગૂણીના પાક્નો અંદાજ આપ્યો હતો. હવે ૨૦મી જૂન સુધીમાં મરાઠવાડામાં બસમત, હિંગોલી, નાંદેડ, જિંતુર, રિસોડ વગેરે કેન્દ્રો મળીને ૨૫ લાખ ગૂણી માલ આવી ગયો અને હજી આઠથી દસ લાખ ગૂણી જેટલો માલ ખેડૂતોના ઘરેથી આવવાનો બાકી છે. તેથી મરાઠાવાડાનો ૨૦૨૨નો પાક કુલ મળીને ૩૩ લાખ ગૂણીનો આવ્યો કહી શકાય. તેનાથી વધુ થઈ શકે છે, પણ ઓછો નહીં આવે.

જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં તેજીનો તથા પાક્ને મોટી નુકસાનીનો જોરશોરથી પ્રચાર ચાલુ હોવાથી ઘણા લોકોએ જૂના સ્ટોક્નો માલ વેચ્યો નહીં, ઉલટાનું નવો માલ ઊંચા ભાવે લઈને સ્ટોક કરી લીધો. હવે બજાર રૂા. ૧૫-૨૦ પ્રતિ કિલો ઘટી જતાં તેઓ બૂરી રીતે ફસાઈ ગયાની લાગણી અનુભવે છે.

એ જ રીતે રાજસ્થાનના જયપુરમાં ડિસેમ્બર ૨૦૨૧માં સ્ટોક ઘટીને ૬-૭ લાખ ગૂણી થઈ ગયો હતો, પણ તેજીવાળાના પ્રચારથી અમુક મોટા સ્ટોકિસ્ટોએ જૂનો માલ વેચ્યો નહીં, ઉલટી બીજી બેથી ત્રણ લાખ ગૂણી ખરીદી લીધી. આજે ૨૦ જૂને જયપુરમાં નવી-જૂની હળદરનો કુલ સ્ટોક લગભગ નવ લાખ ગૂણી આસપાસ થઈ ગયો છે અને ભાવ સરેરાશ રૂા. ૧૫-૨૦ પ્રતિ કિલો ઘટી ગયા છે. તે ઉપરાંત કોલ્ડ સ્ટોરેજનું ભાડું, વજનઘટ, લોડિંગ-અનલોડિંગ, મૂડીનું વ્યાજ વગેરે ગણતાં નુકસાન દિનપ્રતિદિન વધતું જાય છે. ગ્વાલિયરમાં જે સ્ટોક ઘટીને બે લાખ ગૂણી થયો હતો તે પાછો આજે ૩.૫ લાખ ગૂણી આસપાસ થઈ ગયો છે. તે ઉપરાંત દિલ્હીમાં પણ લગભગ ૧.૫ લાખ ગૂણીનો સ્ટોક હોવાનું સંભળાય છે.

આમ દેશમાં ૨૦૨૨નો પાક લગભગ ૮૮-૮૯ લાખ ગૂણી આવ્યો તે સાચી વાત છે. આ આંકડો હજી વધારે થઈ શકે, પણ ઓછો નહીં થાય. તેજી ગ્રુપ ૨૦૨૨નો પાક ૬૦-૬૫ લાખ ગૂણીથી વધુ નહીં આવે એમ છાતી ઠોકીને કહેતું હતું પરંતુ વાચકોને યાદ હશે જ કે અમોએ શરૂઆતથી ૨૦૨૨ના પાક્નો અંદાજ ૮૬ લાખ ગૂણીથી વધારે જ આપ્યો હતો, જે ૧૦૦ ટકા સાચો પડ્યો.

હવે બજારમાં સખત નાણાભીડ છે, નવો માલ રાખવાની જગ્યા નથી, ખેડૂતોના ઘરેથી ૨૩-૨૪ લાખ ગૂણી માલ નવા પાક્નો આવવાનો બાકી છે અને નિકાસમાગ તથા સ્થાનિક ઘરાકી પણ ઠંડી છે. માટે બજારનું ભવિષ્ય કેવું હશે તે આપ પોતે જ નક્કી કરી લેજો. પહેલી ઓગસ્ટથી ઘરાકી સારી નીકળે અને વાવણીના આંકડા નાના આવે તો બજાર સુધરી શકે છે પરંતુ મરાઠવાડામાં અનુભવીઓ પાસેથી મળતા રિપોર્ટ પ્રમાણે ખેડૂતોએ લગભગ ૩૫થી ૪૦ લાખ ગૂણી હળદર ઉગાડી શકાય એટલું બિયારણ પોતાની પાસે સાચવી રાખ્યું છે. આંધ્ર તથા તેલંગણામાં વાવણી કદાચ ઓછી થશે તેવું લાગે છે. માટે ધંધો પૂરેપૂરો અભ્યાસ કરી, સમજીવિચારીને કરજો એ જ ભલામણ. ૩૧ ડિસેમ્બરે કેરીઓવર સ્ટોક મોટો રહી જશે એ વાત પણ ધ્યાનમાં રાખજો.


ઉત્પાદક મથકોએ હાજર સ્ટોક અને ખેડૂતો પાસેથી આવનારો માલ મળીને પૂરવઠો ૭૦થી ૭૫ લાખ ગૂણીનો થવા જાય છે. એક ગૂણીના ૬૦ કિલો લેખે તે ૪૨ કરોડ કિલો થાય. ભાવઘટાડો અને વધતી જતી પડતરથી એક કિલોએ માત્ર રૂ. ૧૫નું નુકસાન ગણીએ તો પણ તો વેપારીઓ અને રોકાણકારોને કુલ રૂા. ૬૩૦ કરોડનું નુકસાન થયું છે, જે માટે તેજીવાળાનો ખોટો પ્રચાર જવાબદાર છે.

# ટકાઉ ખેતી માટે રોગ, જીવાત અને જૈવિક નિયંત્રણ જાણો

❖ ટકાઉ ખેતી નફાકારક નથી અને નફાકારક ખેતી ટકાઉ નથી એવા સમયે શું કરવું ? તેનો વિચાર કરવાની જરૂર છે, પ્રાકૃતિક ખેતી, કુદરતી ખેતી, સજીવ ખેતી, ઓર્ગનિક ખેતીનો વાયરો વાયો છે, શું આ ખેતીથી આપણી આજીવિકા જળવાશે ? શું આવી ખેતી આપણા માટે લાંબા ગાળે સારી રહેશે ? શું આવી ખેતી કરવાથી આપણા ખર્ચ ઘટશે ? શું આવી ખેતી કરવાથી આપણી આવક વધશે ? અનેક પ્રશ્નોની વણઝાર છે આપણા મનમાં.



❖ રાસાયણિક ખેતીથી બગડેલી જમીનમાં કાર્બન ગુણોત્તર વધે તે માટે આપણી પાસે સરળ રીતે સેન્દ્રીય તત્ત્વો ઉપલબ્ધ છે ? પોતા પાસે પશુપાલન નથીને જો ગૌશાળામાંથી ટ્રોલી ભરી છાણ કેટલું મોંઘુ ? જમીનની તંદુરસ્તી સુધારવાની તાતી જરૂર છે તે વાત ૧૦૦ ટકા સાચી પણ તે માટે આપણી પાસે શું વિકલ્પ છે? જમીન સુધારવા સાથે જ્યારે આપણે ખેતી કરીશું ત્યારે પણ આપણો આશય તેમાંથી આવક મેળવીને ગૌરવપૂર્ણ જીવન જીવવાનો હોય છે, આપણી ખેતીમાં આવતી મુશ્કેલીઓ અને ચેલેન્જ કેવી કેવી આવે છે તે શહેરના લોકોને ક્યાંથી ખબર હોય ?







❖ શહેરના અથવા તો ખેતી સાથે સ્નાન સૂતક નથી તેવા વાતો કરવાવાળા લોકોને ખબર નથી કે કેટલા વીશે સો થાય, તેમને છાપામાં વાંચેલું રાસાયણિક ખેતી ઝેરી છે ? તે વાંચીને કહેવું છે કે ખેડૂતો બહુ ઝેરી દવાઓ વાપરે છે, ખેડૂતો યુરિયા બહુ નાખે છે, ખેડૂતો દૂધી મોટી કરવા દરેક દૂધીને ઇન્જેક્શન આપે છે તેવું કહીને ખેડૂતોની ફજેતી કરે છે, એલા કોઈ ખેડૂત નવરા છે દૂધીયે દૂધીએ ઇન્જેક્શન મારવા ? આ તો કોઈ લફંગાએ મજાક માટે ઉતારેલ ખોટા ફોટા અને વીડિઓની અસર છે. ખેતરે જાવ તો ખબર પડે કે વરસાદ સમયસર ન પડે તો વાવેલા બીજનું શું થાય ?



**બોલકી વાડી**

પ્રવીણ પટેલ
kheti.rajkot@gmail.com

❖ એક વાત સાચી કે ખેતી ટકાઉ હોવી જોઈએ, ટકાઉ ખેતી એટલે જેમાંથી અનાજ અને વસ્ત્ર માટે કપાસ, કઠોળ સાથે વૃક્ષોની ખેતી થતી હોય અને આ ખેતી પર્યાવરણને મદદ કરતી હોય, ટૂંકમાં ખેતી પર્યાવરણ ફ્રેન્ડલી હોય આવી ખેતીમાં જંતુનાશકો વપરાતા હોય પરંતુ એવા ઈનપુટ હોય કે તેના રેસિડ્યુ પાકમાં રહેતા ન હોય, ટૂંકમાં પાક ઉપર છાંટેલી દવા ભલે છાંટી હોય પરંતુ કાપણી વખતે તે જંતુનાશકના અવશેષો તેમાં રહે નહિ તો પાકનું સંરક્ષણ પણ થયું અને ઉપભોક્તાને નુકસાન પણ ન થયું (આવી દવા કઈ કઈ ? તે જાણો) આવા પ્રકારની ખેતીનો પ્રકાર છે પર્મા ક્લચર.



❖ ટકાઉ ખેતી કરવી હશે તો જીવાત, રોગ, જમીનના કિટકોનું જૈવિક નિયંત્રણ વિષે જાણવું પડશે, સૂર્ય પ્રકાશની ઘાતક અસરથી બચવા શું કરવું તે વિષે જાણવું પડશે, જીવાતોના પ્રેશરથી પાક પર પડતી વિપરીત અસરો વિષે માહિતી મેળવવી પડશે, પાકને આઘાત આપતી પરિસ્થિતિ સામે મદદ કરતા ઇનપુટ્સની શોધ કરવી પડશે, આજે જૈવિક પાક સંરક્ષણની વિધવિધ પ્રોડક્ટ આવી છે તે વાપરવી



પડશે, જમીનને સારી બનાવવા માટે બાયો ફર્ટિલાઇઝરનો ઉપયોગ કરવો પડશે, મુળિયાનો સારો વિકાસ થાય તેવા મિત્રફૂગનો ઉપયોગ કરી લાભ લેવો પડશે જો આવું કરશું તો તમારો પાક ઓર્ગનિક સર્ટિફિકેટ પાત્ર બન્યું તેવું ગણાય, આ પેદાશનું માર્કેટિંગ કરતા આવડશે તો સાચું ઓર્ગનિક તમે વેચ્યું ગણાય મિત્રો.

❖ પર્યાવરણ બદલાઇ રહ્યું છે, ગ્લોબલ વોર્મિંગના આ કાળમાં રોગ જીવાતની નવી પ્રજાતિ સામે આવીને ઉભી રહેવાની છે, આજે પણ અનેક કિટકો એવા છે કે જે મારવી ખેડૂતો માટે ચેલેન્જ છે, તમે ન સાંભળ્યું હોય તો નોંધો કે ગયા વર્ષે પરપ્રાંતમાં મરચીનું ઉત્પાદન ઘટવાનું કારણ કાળી થ્રિપ્સ છે એવું જ નિમેટોડનું છે, એવું જ વાઇરસનું છે, એક સાંધો ત્યાં તેર તૂટે ત્યાં એવું જ કહેવું પડે કે ટકાઉ ખેતી નફાકારક નથી અને કહેવાતી નફાકારક ખેતી ટકાઉ નથી.



# ગૌ વંશ સાથે કેવો વ્યવહાર થઇ શકે ?

**સ**રકસમાં વાઘ-સિંહ જેવા ખુંખાર પ્રાણીઓને એનો રીંગમાસ્ટર કહે તેમ હુકમ પાલન કરતા અને હાથી જેવા મહાકાય પ્રાણીને ટેબલ પર ચડી, પાછલા બે પગ પર ઊભો થઈ, સુંઢ અને આગલા બે પગથી સલામી દેતા કરી દેવાય છે. પણ એ અભિનય તો વીજળીના ચાબુક-મારના ભયથી થતો રહેતો હોય છે જ્યારે બીજી રીત પરસ્પરના પ્રેમની અભિવ્યક્તિ છે. જેમાં પાલક અને પશુ વચ્ચેના પ્રેમની, વફાદારીની અને લાગણીના સંબંધની, અને એ પણ કોઇ જાતની ખાસ તાલીમ આપ્યા વિના, ડર તો નહીં જ, પણ પાલક અને પશુના એકબીજાના રોજબરોજના સહવાસ, એને મળતું વાતાવરણ અને પાલક તથા પશુઓના અંદરોઅંદરના સહેજે વહેંચાતા રહેતા નિર્વ્યાજ પ્રેમની અસર આપણે ત્યાં કઈ કક્ષા સુધી થઈ શકતી હોય છે તેની વાત કરવી છે. પણ એ પહેલાં સરખામણી કરવાનું ફાવે એ દ્રષ્ટિએ ઇઝરાઇલ દેશની કે જ્યાં અમે તાજેતરમાં જઈ આવ્યા ત્યાંના ગો-પાલનની વાત કરીએ.

આપણો કોઇ દેશવાસી ગાય વિયાણા ભેળું જ એના બચલાને એની 'મા' થી કાયમ માટે દૂર હડસેલી દેવા જેટલો નિર્દયી બની શકે ખરો ? જ્યારે ઇઝરાઇલમાં અમે જોયું કે ગાય વિયાણી ? તો તાજા જન્મેલા એના બચ્ચા પર એની માની નજર ન પડે તેમ દૂર ખસેડી લે છે, બસ, એવી જ ઝડબેસલાક પ્રથા ! એ લોકો ગણાય છે પાછા પૂરા જાણકાર ! તાજી વિયાયેલ ગાયનું શરૂઆતનું દૂધ 'ખીરૂ' એ બચ્ચા માટે હોય છે રોગપ્રતિકારક શક્તિ બક્ષનારૂં. એટલે શરૂઆતના ૩ દિવસ બચ્ચાને ખીરૂ પાવું ફરજિયાત, પણ ગાયના આંચળ મોઢામાં લેવરાવી-ધવરાવીને નહીં, અલગ જગ્યાએ ટોટી દ્વારા ચુસાવીને. વાછરડું ધાવે અને એની માતાના વાત્સલ્યભાવ-સ્નેહ-પ્રેમના પ્રતિસાદ રૂપી ગાય 'પારહો' મૂકે, અડાણ માહ્યલાં દૂધ-દ્વાર ખૂલે અને અમિની સરવાણીઓ ફૂટી આપમેળે વાછરૂના મોંમાં વહેવા માંડે ! અરે, ક્યારેક તો વાછરૂ ધાવ્યે ન પહોંચે એટલા જોરથી ધાવણનો પ્રવાહ વહી આવે કે વાછરૂના મોં પાસેથી છલકાઇને જમીન પર પડવા માંડે, એવું વિરલ દ્રશ્ય તો આપણા દેશમાં જ જોવા મળે !

ઇઝરાઇલમાં મોટેભાગે એચ.એફ. બ્રીડની 'કાવ' ને પહેલેથી ટેવ જ એવી પડાય છે કે ગાયને પિંજરામાં ખડી કરી દેવાની, આઘી-પાછી ન થઈ શકે તેમ ઝકડીને લોક કરી દેવાની, અડાણ પર દૂધ-દોહન મશીન ચોટાડી દેવાનું અને પછી દબાવવાની સ્વીચ.

ત્યાં અમે જોયું કે ગૌશાળાની બધી જ ગાયોને ખાણદાણ અને ચારો ખાવા હોય એટલા ખવરાવે, દિવસમાં ત્રણ ત્રણ ને પાંચ-પાંચ વાર નવરાવે, પણ એની ગોવાળી કરનાર કોઇ જણ એના બરડે, માથે કે ડીલે હાથ ફેરવી સ્નેહભર્યા બે બુચકારા મોઢેથી બોલી, વહાલ વરસાવવા નહીં-એની પાસેથી વધુમાં વધુ દૂધ કેમ કઢાવી શકાય એવી જ એક માત્ર દાનતથી એ બધા કારહા અને કાર્યક્રમો કરવામાં આવી રહ્યા હોય છે. અને પરિણામે ત્યાંના 'કાવ' જનાવરોની દૂધ આપવાની ક્ષમતા અધધ....આપણા માન્યામાં ન આવે એવડી હો ! ૬૦-૭૦ થી માંડી ૮૦ અને ૮૫ લીટર ૨૪ કલાકમાં એક એચ,એફ.કાવ દૂધ દેતી હોય એવી મોટાભાગની ગાયો ભાળી. અને ૨૦-૨૫ લીટરથી ઓછું દૂધ કરનારી ગાયો એમને પોસાણ બહારની ગાયો બની જાય છે ભાઇ ! અને આ ગાયોને પછી હવે માત્ર ગૌશાળામાંથી જ નહીં, એની જીંદગીમાંથી જ અપાઇ જાય છે મુક્તિ ! કતલખાનું જ એનો અંતિમ વિસામો બની રહેતું હોય છે. એનું દૂધ પીનારા જ એને ખાઇ જવાના ! મિત્રો ! એમની ગૌશાળાનું યુનિટ વાયેબલ બને છે, એનું સૌથી મોટું કારણ બસ એજ જણાયું કે એમને જેમ આપણે ઉછરતાં, ઓછું દૂધ આપતા, ઘરડા-બુઢ્ઢા કે બિન ઉપયોગી વાછરડા પાછળ સેવા કે ખર્ચ કરવાના થતાં હોય છે એવા એમને થતા નથી.ઉલટાના એવા પશુઓ ખોરાકી માધ્યમ બની રહે છે તે વધારામાં આપણામાં અને એનામાં ફેર એક જ કે ત્યાંની 'કાવ' જીવતું પ્રાણી હોવા છતાં એની સાથે જે વ્યવહાર કરવામાં આવે છે તે 'જીવતા જીવ' તરીકેનો નહીં, દૂધ આપનાર જાણે કે એક યંત્ર હોય તેવો વ્યવહાર કરવામાં આવે છે. અને આપણે જેમ રસોડાનું કોઇ વાસણ કે ખેતીકામનું કોઇ સાંતીડું જૂનું થઈ, બરાબર કામ આપતું બંધ થતાં જેમ ભંગારી કે કબાડીમાં કૂટવટાવ કરી વાળીએ છીએ, બસ એમ જ ઓછા ઉપયોગી પશુઓને રદ-બાતલ કરી દેવાય છે. જ્યાં માણસો અને પશુઓને એટલો ભેળહારો જ નથી, પશુઓએ પાલક તરફથી પ્રેમ ભાળ્યો જ નથી, જે પશુઓમાં પોતાના બચ્ચા માટેય સ્નેહ-પ્રેમ વરસાવતી ગ્રંથીને જ કુંઠિત કરી દેવામાં આવી છે, તે પશુ તેના પાલકને પ્રેમ કેમ આપી શકે, કહો !



**ખેતી માર્ગદર્શન**

હીરજી ભીંગરાડિયા

જ્યારે આપણે ત્યાં ગાય, વાછરૂ, બળદ કે કોઇપણ પાલતુ પશુ કુટુંબના સભ્ય હોય એટલો પાલકનો પ્રેમ પામતા હોય છે. કેટલાક 'કરડુ' પાલકોને બાદ કરતા મોટાભાગના ને પોતાનું પાલતુ પશુ હૈયાનો હાર હોય છે. એના દુ:ખે દુ:ખી અને એના સુખે સુખી રહેતા હોય છે. આપણે ત્યાંના ભારતીય ગોવંશમાં અને એમાંયે અમને અનુભવ છે એવા ગીર ગો-વંશમાં ખાસ પ્રકારની કોઇ તાલીમ આપ્યા વિના કે કોઇ પ્રકારનો ભય-બીક દેખાડ્યા વિના પણ પાલક સાથેના સહજ સહવાસ અને રોજબરોજના વાતાવરણ-વ્યવહારમાંથી જ પશુઓ પ્રેમ પારખી લેતા હોય છે, અને પાલક સાથે એનું દિલ જોડી દેતા હોય છે. અરે ! આપણા સુખ-દુ:ખને એના સુખ-દુ:ખ સમજવા લાગતા હોય છે. એ તો એમને રજૂ કરવાની ભાષા પ્રકૃતિએ આપી નથી એટલે શું કરે બિચારાં ? છતાં એનાથી થઈ શકે એ રીતના હાવભાવ અને વર્તન પ્રસંગ આવ્યે એ દેખાડીને જ રહેતાં હોય છે.

# અમેરિકાનો ફુગાવો અને કોમોડિટીઝમાં ભારેખમ કડાકા



## ફેડરલ રિઝર્વએ હજુ દોઢ ટકો વ્યાજદર વધારો કર્યો ત્યાં બજારો પાણી પાણી થઈ ગઈ છે, હજુ સાડા ત્રણ ટકા સુધી વધારો કરવામાં આવે તો શું હાલત થાય ! કોટન-પામતેલમાં તીવ્ર મંદી

ફેડ ચેરમેન પોવેલે ફુગાવા સામે લડવા માટે કટિબદ્ધ હોવાનું અને એમાં કોઈપણ બાંધછોડ નહીં કરવાનો સંકેત આપતા કોમોડિટી બજારોનો તેજીનો પરપોટો ફૂટી ગયો છે. મેટલ્સ, એનર્જી, એગ્રી કોમોડિટી, ઇમર્જિંગ કરન્સી, બોન્ડ, ક્રિપ્ટો એમ જાતેજાતના બજારો તૂટી ગયાં છે. ખાલી ડોલર ઇન્ડેક્સ વધ્યો છે.

કોમોડિટીની વાત કરી તો ગયાં વર્ષે મેટલનો ઉન્માદ, ક્લાઇમેટ ચેન્જ, ઇ વ્હીકલ્સ, એનર્જી ટ્રાન્ઝેશન જેવી ફેન્સી ઓસરી ગઈ છે. ફુગાવાએ બધાં સમીકરણો તહસનહસ કરી નાખ્યા છે. ન્યૂ એજ મેટલ જેવી કે નિકલ, ટીન વગેરે ૫૦ ટકા કરતા વધારે તૂટી ગઈ છે. પામતેલ અને કોટનમાં ભાવ કડાકા સાથે તૂટ્યા છે. પામતેલમાં અંદાજે ૪૫ ટકાનો ઘટાડો થયો છે. કોટનમાં ૩૦-૩૫ ટકા અને ઘઉંમાં પણ ૩૦ ટકા જેટલી મંદી થઈ ગઈ છે. ફેડે હજુ તો માંડ દોઢ ટકો વ્યાજદર વધારો કર્યો છે. વર્ષના અંતે ૩થી ૩.૫ ટકા વ્યાજદર વધારો કરે તો બજારો ક્યો માર્ગ પકડે એ સમજી શકાય એવું છે. મંદીનું બીજું મોટું કારણ ચાઈના પણ ગણી શકાય એવું છે.

ઝીરો કોવિડ પોલિસીમાં છાસવારે લોકડાઉન આવી રહ્યાં છે પરિણામે ઇકોનોમીને કોરોના થઈ ગયો છે. ઉત્પાદકીય ક્ષેત્ર અતિ કમજોર થઈ ગયું છે. સંખ્યાબંધ રિયલ્ટી કંપનીઓ તકલીફમાં મુકાઈ ગઈ છે. હાઉસિંગ સેક્ટરની મંદી મેટલ અને એગ્રી માર્કેટ માટે પણ નકારાત્મક સાબિત થઈ છે. આમ તો વિશ્વબજારમાં હાઉસિંગ માર્કેટમાં મંદીના સંકેત મળી રહ્યા છે. ફેડનો વ્યાજદર વધારો અને સાથે પૈસાની કોસ્ટ પણ મોંઘી થઈ જવાથી અને મની સપ્લાયમાં પણ ઘટાડો આવવાને લીધે વર્ષનો બીજો છ મહિનાનો ગાળો મંદીનો દેખાય છે.

ડોલર એસેટ એટલે કે ડોલર ઇન્ડેક્સ અને અમેરિકી શેરબજારોને આ મંદી ઓછી નડશે. એશિયા, લેટિન અમેરિકા, યુરોપ, જાપાન અને ચીનને વધતા વ્યાજદરો ઘણા હેરાન કરશે. રૂપિયા પર પણ દબાણ જોવા મળશે. ભાવ વધુ તૂટી શકે છે. ભારતમાં વેપાર ખાધ વધી રહી છે અને એફઆઇઆઇની શેરબજારમાં સતત વેચવાલી હોવાને કારણે અને આયાતને કારણે ચાલુ ખાતામાં પણ ખાધ વધી રહી છે. એ જોતા જૂનો પ્રશ્ન ક્લિન ડેફિસીટનો ફરીથી ચિંતાનું કારણ બની ગયો છે.

એગ્રી કોમોડિટીઝમાં કોટનમાં અચાનક ખેલો વિખાઈ ગયો છે. શુક્રવારે આઇસમાં જુલાઇ વાયદો



કોમોડિટી માર્કેટ
બિરેન વકીલ
vakilbiren@gmail.com

૨૨ સેન્ટ તૂટ્યો હતો. ૨૦૧૧ના ખેલાનું પુનરાવર્તન થતું હોય તેમ બજાર કડાકા સાથે તૂટી પડી હતી. ૨૦૧૧માં માર્ચમાં ૨૧૦ સેન્ટનું ટોપ બન્યા પછી ઉંધા બદલા ૬૦ સેન્ટ જેટલા હતા. ૨૦૨૨માં ખેલો થયો ત્યારે ટોપ મે મહિનામાં બન્યું અને ઉંધા બદલાનું ટોપ ૩૮ સેન્ટ થયું. ૨૦૧૧માં જુલાઇના પહેલા સપ્તાહમાં ક્રેશ થઇ હતી. તેજીમાં જૂનના છેલ્લાં સપ્તાહમાં ક્રેશ થઇ. ૨૦૧૧ની તેજીનો ગાળો ૮૦-૮૫ સેન્ટનો હતો. ૨૦૨૧-૨૨ ની તેજી પણ ૮૫-૯૦ સેન્ટના ગાળે શરૂ થઇ હતી. બન્ને તેજીમાં ટાઇમિંગ અને પ્રાઇસ રેન્જ અદલોઅદલ મળતા આવે છે તે રસપ્રદ જોગાનુજોગ છે. બન્ને તેજીમાં પ્રાઇસ કોલાપ્સમાં નિમિત્ત ચીન બન્યું છે. એનર્જીમાં ઓલ અને ગેસમાં પણ તેજીનાં વળતા પાણી છે. અમેરિકામાં નવેમ્બરમાં મધ્યસત્ર ચૂંટણી ઠરાવ સરકાર ક્રૂડની તેજી રોકવા પગલાં લઈ રહી છે. તાજેતરમાં પેટ્રોલનો ટેક્સ ઘટાડાયો છે. હવે સાઉદીમાં ઓઇલ ડિપ્લોમસી માટે બાઇડન જશે. ઓપેક્નો તેલનો પુરવઠો આગળ જતા વધે અને ઇરાન સાથે પણ સમજૂતી થાય તો ઇરાનનું તેલ પણ બજારમાં વેચાણ માટે આવે. ડોલરની તેજી થવાને કારણે ડિમાન્ડ ડિસ્ટ્રક્શન જેવા મંદીના કારણો ભેગા થયા છે. હવે કદાચ યુક્રેન અને રશિયા પણ થાક્યા હોય એમ લાગે છે. ટૂંક સમયમાં સમજૂતીના સમાચાર મળે ખરાં. આમ તેજીનો માહોલ વિખેરાઈ ગયો છે. કોમોડિટીઝ બજારોમાં હાલના સ્તરેથી હજુ પણ ૧૫થી ૨૦ ટકાના ઘટાડાની શક્યતા છે.

ઇમર્જિંગ કરન્સીમાં બ્રાઝિલનો રિયાલ, ઇન્ડોનેશિયન રૂપિયો, ચીનનો યુઆન અને કોરિયાનો વોન, મલેશિયાનો રિંગીટ પણ દબાણમાં આવે એવું લાગે છે. તેલ તેલીબિયાંમાં પણ નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. હવે ભારતીય ચોમાસા પર બજારની નજર રહેશે. હાલમાં ચોમાસાની પ્રગતિ થોડી અનિયમિત થઈ રહી છે.

# કોમોડિટીઝમાં તેજીની સુપર સાઇકલ પૂરી ?

**કૃષિ કોમોડિટીમાં દર ચારથી પાંચ વર્ષે તેજીની એક સુપર સાઇકલ આવતી હોય છે, આ તેજીની સાઇકલ દોઢથી બે વર્ષ રહેતી હોય છે ત્યાર બાદ ફરી શાંત થઈ જતી હોય છે**

મોંઘવારી સામેનાં મહા અભિયાનમાં સરકારે અનેક વિઘ્નો પાર કરીને પણ અંતે સફળતાનો માર્ગ તૈયાર કર્યો હોવાના મીડિયામાં અહેવાલો વહેતા થયા છે. એ વાત સાચી છે કે રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું ત્યારે મોંઘવારીનો ગ્રાફ જે રીતે ઉંચે ચડવા માંડ્યો હતો તેમાં હાલમાં થોડી રાહત દેખાય છે. આ રાહત હોલસેલ બજારોમાં ચાલતા વિવિધ કોમોડિટીના ભાવને ધ્યાનમાં રાખીએ તો અનુભવી શકાય. જો કે રીટેલ બજારોમાં હજુ પણ આ ઘટાડા દરેક જગ્યાએ જોવા મળ્યા નથી. કદાચ રિટેલરો પોતાની જૂના ભાવની ખરીદીનો માલ વેચીને નવા ભાવ ઓફર કરશે અથવા  કદાચ તેમના ગ્રાહકોને હાલના ભાવ વાજબી હોવાનું સમજાવી દેશે. રિટેલ ભાવની વાત છોડીને હોલસેલની વાત કરીએ તો ઘઉં, ચોખા કે મકાઈ જેવા અનાજ, પામતેલ, સરસવ, સોયાબીન સનફ્લાવર કે મગફળી જેવા ખાદ્યતેલ કે પછી કપાસ, સાકર, કોફી, ક્રૂડતેલ કે કોપર જેવી અન્ય કોમોડિટીના ભાવમાં પાંચ માંડીને ૩૦ ટકા જેટલો ઘટાડો હોલસેલ બજારોમાં જોવા મળ્યો છે.

સરકારે વિવિધ કોમોડિટીની આયાત માટેના દરવાજા ખુલ્લા મૂકવાથી માંડીને સ્ટોક લિમિટ, ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને પ્રોત્સાહન, નિકાસ ઉપર પ્રતિબંધ ઉપરાંત વિવિધ દેશો સાથે જે તે કોમોડિટીના લાંબાગાળાના પુરવઠા માટે વ્યવસાયિક વ્યવસ્થા પણ કરી છે. એકસાથે લેવાયેલા સંખ્યાબંધ પગલામાં અમુક નિર્ણયો સાચા હશે, અમુક ખોટા પણ હશે પણ અકે વાત સાચી છે કે હોલસેલમાં ભાવ ઘટી રહ્યા છે.

સરકારી પગલાં ઉપરાંત ટેકનિકલ ચાર્ટ અને વિશ્લેશકોની ગણતરીઓ એવું કહે છે કે કૃષિ કોમોડિટીમાં દર ચારથી પાંચ વર્ષે તેજીની એક સુપર સાઇકલ આવતી હોય છે. આ તેજીની સાઇકલ દોઢથી બે વર્ષ રહેતી હોય છે. ત્યારબાદ ફરી શાંત થઈ જતી હોય છે. કદાચ ભાવમાં વધારો થમી જતો હોય છે કાં તો થોડો ઘટાડો થવાથી લોકો ટેવાઈ જતાં હોય છે. અહીં સવાલ એ છે કે શું આ તેજીની સુપર સાઇકલ પૂરી થઈ રહી છે ?

આંકડા જોશો તો જણાય છે કે ઓક્ટોબર-૨૦ એટલે કે આશરે દોઢ વર્ષ પહેલા ઓછા પાકનાં કારણે સોયાબીન તથા સરસવ સહિતનાં ખાદ્યતેલોના ભાવ વધવા માંડ્યા હતા. ત્યારબાદ ચણા સહિતનાં કઠોળ ઉંચાકાયા, ત્યારબાદ ગત સિઝનમાં કપાસનો પુરવઠો ખંડિત થતાં વૈશ્વિક બજારોમાં રૂના ભાવ એતિહાસિક સપાટીએ પહોંચ્યા હતા.  અને આ રવી સિઝનના પ્રારંભથી



બજારમાં ઘઉંના ભાવ આસમાને ચડ્યા હતા.

સ્થાનિક સ્તરે સરકારે શ્રેણીબદ્ધ પગલાં લીધા ઉપરાંત વૈશ્વિક બજારોમાં ડોલર ઇન્ડેક્સ સુધર્યો છે. તો બીજીતરફ સતત માલ ઉઠાવી રહેલું ચીન હમણાં શાંત પડ્યું છે. કોર કોમોડિટી સીઆરબી ઇન્ડેક્સ દોઢ મહિનાની નીચી સપાટીએ એટલે કે ૩૧૬ પોઇન્ટે આવ્યો છે. કુલ ૧૯ કોમોડિટીના સમન્વય સાથે આ ઇન્ડેક્સ બન્યો છે. જેમાં એલ્યુમિનીયમ, કોકા, કોફી, કોપર, મકાઇ, કપાસ, ક્રૂડતેલ, સોનું, ચાંદી, હિટિંગ ઓઇલ, ગેસ, નિકલ, ઓરેન્જ જ્યુસ, સોયાબીન, શુગર, ઘઉં તથા પશુઓનો સમાવેશ કરાયો હોય છે. છેલ્લા દોઢ મહિનામાં ૫.૫ ટકા જેટલો ઘટ્યો છે. જેમાં કૃષિ ક્ષેત્રને ૪૧ ટકા તથા એનર્જીને ૩૯ ટકા ભાર અપાયો હોવાથી આવશ્યક ચીજવસ્તુઓના ભાવની અહીં મોટી અસર જોવા મળતી હોય છે. આ કોમોડિટીના ભાવોમાં સીબોટ, આઇસીઇ તથા નાયમેક્સ જેવા એક્સચેન્જોમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. તેથી આગામી દિવસોમાં સ્થાનિક સ્તરે હોલસેલ પ્રાઇસ ઇન્ડેક્સ (WPI) માં પણ ઘટાડો થવાની આશા છે.

જો કે આ ઘટાડા પાછળ વૈશ્વિક સ્તરે અમુક ઇકોનોમિસ્ટો આગામી દિવસોમાં મોટી મંદી આવવાનાં પણ સંકેતો જોઈ રહ્યા છે. યાદ રહે કે ભારત, અમેરિકા, યુ.કે, ઓસ્ટ્રેલિયા અને જર્મની સહિતની વિશ્વની તમામ અગ્રક્રમની ઇકોનોમીઓ હાલમાં વ્યાજદરમાં વધારાની દિશામાં છે. જે આગામી દિવસોમાં ઉપભોક્તાઓની ખરિદશક્તિમાં ઘટાડો કરશે. ખેર એની ચિંતા ત્યારે કરીશું. અત્યારે ઉપભોકતાઓએ ઘટતા ભાવ ઉપર નજર રાખીને રિટેલ બજારમાં વેપારીને નીચા ભાવે માલ આપવા રકઝક કરવાની રહેશે, કારણ કે મોંઘવારીમાં મોંઘું ખરીદ્યું છે તો સોંઘવારીમાં સસ્તુ માગવાનો એમનો હક છે.